જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૮/૮/૨૦૧૪ શુક્રવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

<u>શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-</u> <u>સમાચાર યાદી ૨૦૪૬/૧૪</u>

**<u>નશીલા પદાર્થ ગાંજાના જથ્થા સાથે એક શખ્સને અટક કરતી એસઓજી ક્રાઇમ બ્રાન્ચ</u>**

શ્રી એ.કે.શર્માસાહેબ જેસીપીશ્રી ક્રાઇમબ્રાન્ચ તથા શ્રી હીમાંશુ શુક્લા સાહેબ ડીસીપીશ્રી ક્રાઇમબ્રાન્ચની સુચનાથી અમદાવાદશહેરમા નશીલા પદાર્થોના વેચાણ કરતા તથા હેરાફેરી કરતા શખ્સોને શોધી કાઢવા સુચના આપેલ જે અનુસંધાને એસઓજીના અધિકારીશ્રીઓ તથા માણસો આવા શખ્સોની શોધખોળમા હતા.દરમ્યાન આજરોજ એસઓજીના પોસઇશ્રી એ.કે.વડીયા ને મળેલ બાતમી આધારે એસીપી બી.સી.સોલંકી તથા માણસોએ અમરાઇવાડી હાટકેશ્વર સર્કલ પાસે ભીલવાડ તરફ જતા રસ્તે વોચ કરતા બાતમીદારના જાણવા મુજબના વર્ણનવાળો એક ઇસમ હાથમા એક થેલી સાથે નિકળતા તેને કોર્ડન કરી પકડી પાડી તેની પુછપરછ કરતા પોતાનુ નામ **લાલસીગ પાતીરામ જાતે કુશ્વાહ ઉવ.૫૩** રહે.લાલસીહની ચાલી રામનગર ભીલવાડ વસ્ત્રાલરોડ અમરાઇવાડી મુળવતન ઉતરપ્રદેશ હોવાનુ જણાવેલ તેની પાસેની કપડાની થેલી ચેક કરતા એક પ્લાસ્ટીકની કોથળીમા ગાંજા જેવો પદાર્થ **આશરે ૮૫૮ ગ્રામ** કિ.રુા.૪૨૯૦/- નો મળી આવેલ તેમજ તેની પાસેથી રોકડા રુા.૪૦૬૦/- મળી આવેલ.જે કુલ્લે રુા.૮૩૫૦/- ના મુદામાલ સાથે મળી આવતા તેની કાયદેસર ઘરપકડ કરવામા આવેલ છે.આ શખ્સને સુરતનો કોઇ ઇસમ મણીનગર રેલ્વે સ્ટેશન ગાંજો આપી જતો હોવાનુ પુછપરછમા જણાવે છે.તેમજ આ ગાંજામાંથી નાની નાની પડીકી બનાવી અમરાઇવાડી વિસ્તારમા વેચતો હોવાનુ કબુલ કરેલ છે.પોતે લોખંડનો ભંગાર લેવાનુ લારી સાથે ફેરી કરે છે.અને તે ઓથા તળે ગાંજાની પડીકીઓ પણ ગાંજા પીવાવાળા ઇસમોને વેચતો હોવાનુ જણાવે છે.વધુમા તેની સાથે અન્ય કોઇ શખ્સો સંડોવાયેલ છે કે કેમ તેની પણ તપાસ કરવામા આવશે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.